Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# ભીલ સેવા મંડળના પ્રથમ આદિવાસી પ્રમુખ: શ્રી જાલજીભાઈ ડીંડોડ

ડૉ. સુરેન્દ્રકુમાર બી. બારીઆ
મદદનીશ પ્રાધ્યાપક,
અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ
સરકારી વિનયન કૉલેજ,વાવ (બ.કા.)
મો .૯૭૨૬૭૬૭૪૫૩ ઈમેલ :surukumarbaria@gmail.com


## પ્રસ્તાવના :

અમૃતલાલ વિ. ઠક્કર (ઠક્કરબાપા)એ ભીલ સેવા મંડળનો પ્રમુખ આદિવાસીઓમાંથી બને તેવું સ્વપ્ન આઝાદી પહેલા સેવેલું જે ઈ.સ. ૧૯૮૦માં શ્રી જલાજીભાઈ. કે. ડીંડોડ પ્રમુખ થતા સાકાર થયું. શ્રી જાલજીભાઈ કે ડીંડોડે પોતાનું સમગ્ર જીવન આદિવાસીઓના દરેક પ્રશ્નોને ઉજાગર કરી તેમ નો સામાજિક, શૈક્ષણિક, આર્થિક અને રાજકીય ઉત્કર્ષ કરવાના સતત પ્રયન્ત કરતા રહ્યા. ભીલ સેવાના પ્રથમ આદિવાસી પ્રમુખ અને ટ્રસ્ટી, દાહોદ સંસદીય ક્ષેત્રના પૂર્વ સાંસદ તેમજ અનેક સહકારી તથા સામજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા હતા, તેઓ શ્રીનું સંપૂર્ણ જીવન નિ:સ્વાર્થી, નિખાલસ, નિષ્કપટ અને રમુજી સ્વભાવ સાથે આદિવાસી સમાજ માટે પ્રેરણાદાયી રહ્યું હતું .

## પ્રારંભિક જીવન :

ભીલ સેવા મંડળના પ્રથમ આદિવસી પ્રમુખ એવા પૂ.સ્વ.શ્રી જાલજીભાઈ કે. ડીંડોડનો જન્મ ઝાલોદ તાલુકાના મલવાસી ગામે તા: ૧૬ જુન ૧૯૧૭નાં રોજ થયો હતો. જાલજીભાઈના પૂર્વજોનું મૂળ વતન રાજસ્થાનનું કુશલગઢ હતું.[1] પરંતુ ત્યાં તેમના પરિવાર પર ચોરીના ગુનાઓનું તહોમતનામું વારંવાર નાખવામાં આવતું હોવાથી કંટાળીને બાજુમાં આવેલ ઝાલોદ તાલુકાના મલવાસી ગામે સ્થાયી થયા હતા. જાલજીભાઈએ પ્રાથમિક શિક્ષણ ભીલ સેવા મંડળ દ્વારા સંચાલિત ટીંટોડી આશ્રમમાં લીધું હતું. અને મેટ્રીકનો અભ્યાસ દેવગઢ બારીયામાં સર રણજીતસિંહ હાઇસ્કુલમાંથી મેળવ્યો હતો. જાલજીભાઈમાં ઉચ્ચ શિક્ષણ અને સેવાભાવી માનસ

તૈયાર કરવામાં શ્રી પાંડુરંગ વણીકર અને ડાહ્યાભાઈ નાયકનો ફાળો હતો .તેઓની પ્રેરણાથી જ ભીલ સેવા મંડળમાં જોડાયા હતા.[2]



## ભીલ સેવા મંડળના સેવક તરીકે :

ઈ.સ.૧૯૩૭માં જાલજીભાઈએ મેટ્રીકનો અભ્યાસ પૂર્ણ કરી ભીલ સેવા મંડળમાં જોડાયા. શરૂઆતમાં તેમની કામગીરીમાં ઓફીસ અને દુષ્કાળ રાહતનું હતું. ત્યાર બાદ થોડો સમય માટે જેસાવાડા આશ્રમમાં શિક્ષક તરીકે અને ઝાલોદના ટીંટોડી આશ્રમમાં વ્યવસ્થાપક તરીકેનું કામ કરેલું. અને પછી મંડળના સેવકમાંથી ૨૦ વર્ષની દીક્ષા લઇ ઈ..સ. ૧૯૪૩ થી ૧૯૮૦ સુધી ઉપ પ્રમુખ અને ઈ.સ.૧૯૮૦ થી જીવનના અંત સુધી પ્રમુખ તરીકે કાર્યરત હતા.[3] આમ તેમનું સમગ્ર જીવન આદિવાસીઓના ઉત્કર્ષમાં વિતાવ્યું.

## સર્વોદય યોજનાના સંચાલક તરીકે :

ઈ.સ.૧૯૪૯-૫૦માં મુંબઈ સરકારે દાહોદ - ઝાલોદ તાલુકાઓ માટે મીરાખેડી મુકામે સર્વોદય યોજના મંજુર કરેલી. આ યોજનાના સંચાલનની તમામ જવાબદારી શ્રી જાલજી ભાઈ .કે. ડીંડોડ ને સોંપવામાં આવેલ. તેમને આ કામમાં ભીલ સેવા મંડળના કાર્યકર્તાઓ અને ગુરુજનો એવા શ્રી લક્ષ્મીકાંત શ્રીકાંત અને શ્રી ડાહ્યાભાઈ નાયક માનદ સંચાલક તરીકે માર્ગદર્શન આપતા રહેલા.[4]

આ યોજનામાં ઝાલોદ અને દાહોદ તાલુકાના ૪૫ ગામોની પસંદગી કરવામાં આવેલી. ગ્રામ્ય વિસ્તારની તમામ સમસ્યાઓને ધ્યાનમાં લઇ વિકાસની અનેકવિધ યોજનાઓ જેવી કે કુવા ખોદાવવા જુના કુવા ઊંડા કરવા તળાવો ખોદાવવા વગેરે શરુ કરવામાં આવેલી. શ્રી જાલજીભાઈ ડીંડોડ ની સતત દેખરેખ તથા માર્ગદર્શનથી સર્વોદય યોજના દ્વારા સારું એવું કામ કરવામાં આવ્યું. તેથી ગામડાઓનો સારો વિકાસ થયો જે આજે પણ આ ગામોમાં જોવા મળે છે.

## સંસદ સભ્ય તરીકે :

સ્વતંત્ર ભારતની બીજી લોકસભાની (ઈ.સ. ૧૯૫૭-૬૨) સામાન્ય ચૂંટણીમાં બોમ્બે (મુંબઈ)રાજ્યની દાહોદ (ST) સીટ માટે કોંગેસ (INC) પક્ષ તરફથી ભીલ સેવક અને આદિવાસીઓના વિવિધ પ્રશ્નોને વાચા આપનાર એવા શ્રી જાલજીભાઈ ડીંડોડ ને ટીકીટ ફાળવવામાં આવી. બીજી બાજુ અપક્ષ તરીકે બારીઆ હીરાભાઈ કુવેરભાઈ તેમની સામે ઉંભા હતા. જેમાં દાહોદ સંસદીય(ST) સીટ પરથી જાલજીભાઈ જંગી બહુમત થી ચૂંટાય આવેલા.[5] આમ સ્થાનિક લેવલે આદિવાસીઓના પ્રશ્નોને ઉજાગર કરનારને દિલ્હી જવાનું થયેલું. લોકસભામાં પણ આદિવાસીઓના વિવિધ સમસ્યાઓ બાબતે પ્રશ્નો કરેલા. સંસદ તરીકે ખાસ ધ્યાન દોરવા જેવી બાબત એ છે કે, લોકસભાના એક સંસદ તરીકે તેમને જે પગાર ભથ્થા મળતા તે ભીલ સેવા મંડળમાં જમા કરાવતા અને ત્યાર બાદ મંડળ તેમને જે વેતન આપે તેમાંથી જ તેમનું ઘરખર્ચ કરતા.[6] ભીલ સેવા મંડળ અને વતન પ્રત્યેના અપાર લાગણીને કારણે જયારે બીજીવાર કોંગ્રેસ તરફથી સંસદ સભ્ય તરીકે પસંદગી સામે સ્વૈચ્છિક નિવૃત્તિ લઇ સ્થાનિક સ્વરાજ્યમાંથી લોકસેવા કરવાનું નક્કી કર્યું.

## સ્થાનિક સ્વરાજ્યમાં અને સહકારી ક્ષેત્રે :

દાહોદ તાલુકા પંચાયતમાં ઈ.સ.૧૯૬૫ થી ૧૯૭૪ સુધી પ્રમુખ તરીકે અને ત્યારબાદ પંચમહાલ જીલ્લા પંચાયતમાં પંચમહાલ જીલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષ, જીલ્લા સમાજ શિક્ષણ સમિતિ, ભાવનીયમન પુરવઠા સમિતિ, જીલ્લા પછાત વર્ગ સમિતિ તથા જીલ્લા દારૂબંધી સમિતિઓમાં સભ્યપદે રહી નોંધ પત્ર સેવાઓ આપેલી છે.[7]

તાલુકાઓ તથા જીલ્લાની વિવિધ સહકારી સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ ધરાવતા હતા. 'ભારતીય આદિમ જાતિ સેવક' સંઘના આજીવન સભ્ય અને ઉપ પ્રમુખ, ઝાબુઆ જીલ્લાના અતિ પછાત એવા કઠવાડા મુકામે આવેલ સંસ્થાના પ્રમુખ, દાહોદ ખરીદ વેચાણ સંઘના માનદ મંત્રી, છાયાણ ગ્રુપ જંગલ સહકરી મંડળીના સ્થાપક અને ચેરમેન વગેરે ક્ષેત્રે દિલથી સેવાઓ કરેલી છે.

## ભીલ સેવા મંડળના ઉપ પ્રમુખ અને પ્રમુખ તરીકે :

જાલજીભાઈ ઈ.સ.૧૯૩૭માં ૨૦ વર્ષની ઉંમરે જ ભીલ સેવા મંડળના સેવક અને ત્યારબાદ ૨૦ વર્ષની દીક્ષા લઇ સેવા યજ્ઞમાં જપ્લાવ્યું. શરૂઆતમાં ઓફીસ કામ અને ઈ.સ .૧૯૪૩ થી ૧૯૮૦ સુધી લગભગ ૩૭ વર્ષ સુધી ભીલ સેવા મંડળના ઉપ પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી, એટલે જ જયારે ઈ.સ. ૧૯૮૦માં ભીલ સેવા મંડળની સુવર્ણ જયંતી પ્રસંગે મંડળના ચાલુ પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ નાયકે ઠક્કરબાપાની અંતિમ ઈચ્છા મુજબ મંડળનું સંચાલન આદિવાસીઓ કરે એવી ઈચ્છા દર્શાવી સંચાલન કરી શકે તેવા આદિવાસી કાર્યકર્તાઓ

પણ તૈયાર થઇ ગયેલા હોઈ તેથી શ્રી ડાહ્યાભાઈએ સ્વૈચ્છાએ પ્રમુખ પદેથી ખસી જવાની ઈચ્છા દર્શાવી તેમના બદલે મંડળ માંથી તૈયાર થયેલા અને મુંબઈ યુનિવર્સીટીમાંથી સને ૧૯૩૭માં મેટ્રીક થયેલ એવા શ્રી જાલજીભાઈ કે ડીંડોડ પ્રમુખ પદ સંભાળે તેવી જાહેરાત કરેલી.[8] આ જાહેરાતને મંડળના ટ્રસ્ટી એવા શ્રી મોરારજી દેસાઈ અને ઉપસ્થિત અન્ય મંડળના હોદ્દેદારોએ અને જાહેર જનતાએ વધાવી લીધી. આમ ભીલ સેવાનો બહોળો અનુભવ ધરાવતા શ્રી જાલજીભાઈ ઈ.સ.૧૯૮૦માં ભીલ સેવા મંડળના પ્રમુખ થયા.

ભીલ સેવા મંડળના પ્રમુખ બનતા મંડળની પ્રવૃતિઓનો વ્યાપ વધારી ગુજરાત અને ભારતના આદિવાસીઓની સેવા કરવાના પ્રયત્નો કરેલા. તેમની કામગીરી જોઈએ તો પ્રોઢ શિક્ષણ, અંબર ચરખા કેન્દ્રો, બુનિયાદી મહિલા અધ્યાપન કેન્દ્ર, આદિવાસી મહિલા કેન્દ્ર, દાઈ કેન્દ્રો વગેરે પ્રવૃતિઓ વિસ્તરી હતી.[9] સાથે સાથે ઠક્કર બાપા અને અગાઉના પ્રમુખો દ્વારા ચાલી આવતી પરંપરાઓને પણ મજબુત રીતે સાચવી હતી .તેમના પ્રમુખ પદે મહત્વની કામગીરીમાં પ્રોઢો જ્ઞાન મેળવેલું ભૂલી ન જાય તે માટે મંડળ દ્વારા ખાસ કેન્દ્રો ચાલુ કરાયેલા .જન શિક્ષણ નિલાયમ કેન્દ્રો સ્થાપવાની કેન્દ્ર સરકારની યોજના અન્વયે દાહોદ ઝાલોદ તાલુકાઓમાં ૩૦-૩૦ની સંખ્યમાં અને પ્રોઢ શિક્ષણ યોજનામાં ૧૫૦-૧૫૦ના બે વર્ગો શરુ કરવામાં આવ્યા હતા.[10]

## સમાપન :

પૂ.સ્વ શ્રી જાલજીભાઈ ડીંડોડે આદિવાસીઓના કલ્યાણમાં જ પોતાનું કલ્યાણ માનેલું. જાલજીભાઈના આ સેવા યજ્ઞમાં તેમનાં ધર્મપત્ની કન્કુબેનનો ફાળો પણ અમુલ્ય હતો. સાથે સાથે અન્ય આદિવાસી ભીલ સેવકો જેવા કે રૂપાજી પરમાર, લાલચંદભાઈ નિનામા અને તેમની ધર્મપત્ની હીરાબેન નિનામા, દીતાભાઈ બામણીયા અને લાલીબેન વગેરે પણ શિક્ષણ મેળવી આદિવાસીઓની કલ્યાણની પ્રવૃતિઓ જોવા મળે છે. જાલજીભાઈ ના સમગ્ર જીવનને શ્રીમતિ ઇલાબેન દેસાઈના પુસ્તક “ધૂપસુગંધ”માં નોંધે છે તેમ “આદિવાસી સમાજના કલ્યાણ માટે જીવનના અંત સુધી ઝઝૂમ્યા, નિ:સ્વાર્થી, નિષ્કપટ અને નિખાલસ વ્યક્તિત્વ ધરાનાર તેમ જ સ્પષ્ટ વક્તા, રમૂજ સ્વભાવને લીધે ભીલોના દિલોમાં હંમેશાં અમર રહ્યા છે.” આવા જાલજીભાઈનો ઈ.સ.૧૯૯૫માં ૭મી ઓગસ્ટ ના રોજ અવસાન થયું હતું.

## પાદનોંધ :


૧. વાઘેલા અરુણભાઈ, *પંચમહાલના આદિવાસીઓની વિકાસયાત્રા*, રાધિકાપ્રેસ, ગોધરા,૨૦૦૯,પૃષ્ઠ: ૧૫૩.

૨.હઠીલા ચુનીલાલ, ઠક્કરબાપા સંક્ષિપ્ત જીવનચરિત્ર અને યાદગાર પ્રસંગો,નવજીવન અમદાવાદ,૨૦૧૪, પૃષ્ઠ :3

૩.વાઘેલા અરુણભાઈ, પૂર્વોક્ત, પૃષ્ઠ :૧૫૩

૪.હઠીલા ચુનીલાલ , પૂર્વોક્ત , પૃષ્ઠ :૪

૫.Statistical Report on General Election,1957, એજન.

૬. મુનિયા પરથીભાઇ, મંત્રી, ભીલ સેવા મંડળ, દાહોદ ની રૂબરૂ મુલાકાત ને આધારે.

૭ . મકવાણા સુરપાળભાઈ, સ્વાતંત્ર સેનાની ની રૂબરૂ મુલાકાતને આધારે .

૮.હઠીલા ચુનીલાલ, સેવામૂર્તિ ઠક્કરબાપા, ભીલ સેવા મંડળ, દાહોદ,૨૦૦૩, પૃષ્ઠ :૪૦.

૯.વાર્ષિક અહેવાલ, ભીલ સેવા મંડળના આધારે

૧૦ .એજન